રજુ તારીખ :૨૨–૦૮–૨૦૨૩

દાખલ તારીખ:૨૨–૦૮–૨૦૨૩

ફેંસલ તારીખ :૦૯–૦૬–૨૦૨૬

અવધિ: વર્ષ – માસ – દિવસ
૦૨ – ૦૯ – ૧૮

**મે. સ્પે.જજ(ઈલે.) અને ફોર્થ એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટમાં. મું.ભાવનગર.**

**સ્પે.(ઈલેકટ્રીસીટી)કેસ નં.૫૭/૨૦૨૩**

**આંક–50**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**– : વિરૂઘ્ધ : –**

**આરોપી :–** કાવાભાઈ બિજલભાઈ ચાહલા,
ઉ.વ.૬૩,
રહે. કંથારીયા, તા.વલ્લભીપુર,
જી.ભાવનગર.

**ગુન્હો : ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબ.**

**ફરીયાદ પક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.**
**આરોપી પક્ષ તરફે : વિ.વ.શ્રી આઈ.એમ.શેખ.**

**–:: જજમેન્ટ ::–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ/કર્મચારીઓ ઘ્વારા તા.૩૦/૦૫/૨૦૧૯ ના રોજ આ કામના આરોપી કવાભાઈ બિજલભાઈ ચોહલા, રહે. કંથારીયા, તા.વલ્લભીપુરવાળાના ઘરે વિજ અધિકારી તથા કર્મચારીઓ વિજ ચેકીંગની કામગીરી કરવામાં આવતા આ કામના આરોપી પી.જી.વી.સી.એલ. કંપનીના વિજ ગ્રાહક ન હોવા છતાં,

આરોપીએ પોતાના રહેણાંકના મકાન નજીક હળવા દબાણની વિજ લાઈન ઉપર બીજો વધારાનો વિજ વાયર આંકડી નાખી ગેરકાયદેસર અને બિનઅધિકૃત વિજ જોડાણ કરી, ૧.૦૫૯ કીલોવોટ વિજ લોડ જોડી, વિજ વપરાશ કરી, કિંમત રૂા.૧૫,૯૮૧–૦૪ પૈસાની વિજચોરી કરી, ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યાની ફરિયાદ ફરિયાદીએ જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે., ભાવનગરમાં સેકન્ડ ગુના રજી. નં.૧૩૯૯/૨૦૧૯ થી આપેલી.

(૨) ફરિયાદના આધારે આરોપી સામેના ગુન્હાનું ચાર્જશીટ જયુડી. મેજી. ફ.ક. કોર્ટ, વલ્લભીપુર સમક્ષ દાખલ કરતાં ફોજદારી કેસ નં.૪૫૨/૨૦૨૩ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ સદર કેસ સ્પેશ્યલ (ઈલે.) કોર્ટમાં ચલાવવા પાત્ર હોય, સ્પેશ્યલ (ઈલે.)કોર્ટમાં ટ્રાન્સમીટ કરવામાં આવેલ.

(૩) આરોપી સામેનો આ સ્પે. (ઈલેકટ્રીસીટી) કેસ નંબર : ૫૭/૨૦૨૩ થી નોંધી સ્પેશ્યલ કોર્ટ(ઈલે.)માં ન્યાય નિર્ણય માટે આવતાં, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે કે કેમ ? તેની ખાતરી કરી આરોપી સામે આંક–૧૭ થી તહોમતનામું ફરમાવી આરોપીને તહોમતનામું વાંચી, સંભળાવી આંક–૧૮ થી આરોપીની પ્લી લેવામાં આવેલી, તેમાંઆરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલો અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી તેથી ફરિયાદપક્ષનો પુરાવો નીચે મુજબ લેવામાં આવેલ.

(૪) ફરિયાદપક્ષ તરફથી આરોપી સામેનો આરોપ પુરવાર કરવા સારૂ નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી રમેશ જગદીશભાઈ મકવાણાની જુબાની. | ૨૧ |
| ૨ | સાહેદ કમલેશભાઈ ઈશ્વરભાઈની જુબાની. | ૨૮ |
| ૩ | પી.એસ.ઓ. શૈલેષસિંહ કિર્તિસિંહની જુબાની. | ૪૧ |
| ૪ | ત.ક.અ. ઈન્દ્રસિંહ ભગવતસિંહ વાઘેલાની જુબાની. | ૪૫ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ. | ૨૨ |
| ૨ | પુરવણી બીલ. | ૨૩ |
| ૩ | એનેક્ષર–૧૧. | ૨૪ |
| ૪ | ચેકીંગશીટ. | ૨૯ |
| ૫ | સ્થળ રોજકામ. | ૩૦ |
| ૬ | ફોટા. | ૩૧ |
| ૭ | સ્ટેશન ડાયરીની નકલ. | ૪૩ |
| ૮ | એફ.આઈ.આર.ની નકલ. | ૪૪ |
| ૯ | એનેક્ષર–૪. | ૪૬ |

(૫) આ કામે ફરિયાદપક્ષ તરફે પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ સદર કામે આરોપીનું ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે. તેમજ બચાવના સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓએ કોઈ વીજ ચોરી કરેલ નથી અને તેઓને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે. ત્યારબાદ બંન્ને પક્ષે વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો તથા

વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો ધ્યાને લીધી. સદરહુ કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

**મુદ્દાઓ :–**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ/કર્મચારીઓ ધ્વારા તા.૩૦/૦૫/૨૦૧૯ ના રોજ આ કામના આરોપી કવાભાઈ બિજલભાઈ ચોહલા, રહે. કંથારીયા, તા.વલ્લભીપુરવાળાના ઘરે વિજ અધિકારી તથા કર્મચારીઓ વિજ ચેકીંગની કામગીરી કરવામાં આવતા આ કામના આરોપી પી.જી.વી.સી.એલ. કંપનીના વિજ ગ્રાહક ન હોવા છતાં, આરોપીએ પોતાના રહેણાંકના મકાન નજીક હળવા દબાણની વિજ લાઈન ઉપર બીજો વધારાનો વિજ વાયર આંકડી નાખી ગેરકાયદેસર અને બિનઅધિકૃત વિજ જોડાણ કરી, ૧.૦૫૯ કીલોવોટ વિજ લોડ જોડી, વિજ વપરાશ કરી, કિંમત રૂ.૧૫,૯૮૧–૦૪ પૈસાની વિજચોરી કરી, ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) મુદ્દા નંબર–૧ : નકારમાં.

(૨) મુદ્દા નંબર–૨ : આખરી હુકમ મુજબ.

**<u>–: કારણો :–</u>**

**મુદ્દાનં.૧ :–**

**(૮)** આ કામે ફરિયાદ પક્ષ તરફથી વિધ્વાન એ.પી.પી.શ્રીની રજુઆત છે કે,

ફરિયાદી કંપનીના કર્મચારી/અધિકારીઓ દ્વારા વિજ ચેકિંગ હાથ ધરાતા આરોપી પી.જી.વી.સી.એલ. કંપનીના ગ્રાહક નહિ હોવા છતાં પોતાના રહેણાંકી વાડીમાં પોતાની માલિકીના વિજ વાયરથી કંપનીની વિજ લાઈન પરથી ગેરકાયદેસર ડાયરેકટ વિજ જોડાણ કરી, પોતાના ઘરે લોડ જોડી પાવરની ચોરી કરતાં આરોપી પકડાઈ ગયેલ છે. તેઓની વધુમાં રજુઆત છે કે, સ્થળ પરથી મુદ્દામાલ વાયર કબજે લેવામાં આવેલ છે. ફરિયાદીએ ફરિયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપેલ છે અને અન્ય સાહેદે ફરિયાદીની જુબાનીને સમર્થન આપેલ છે અને રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવાઓથી પણ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. આમ, ફરિયાદપક્ષે રજુ કરેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આરોપી સામેનો ગુનો શંકાથી પર સાબિત થતો હોય આરોપીને વધુમાં વધુ સજા કરવી જોઈએ.

(૯) બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ એવી દલીલ કરેલ છે કે, ફરિયાદી ચેકીંગ દરમ્યાન હાજર ન હતા અને તેઓને બનાવની કોઈ જાત માહિતી નથી. ફરિયાદની સાથે કોઈ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ નથી. આરોપીને પુરવણી બીલ કે તેની નોટીસ મળી ગયા અંગેનો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી. તેઓની વધુમાં રજુઆત છે કે, મુદ્દામાલ વાયર કોઈ પંચો કે સ્વતંત્ર સાહેદોની હાજરીમાં કબજે લીધેલ નથી. તેઓની વધુમાં રજુઆત છે કે, બનાવના સ્થળે કોઈ વીડીયોગ્રાફી કરવામાં આવેલ નથી અને જે ફોટોગ્રાફ રજુ કરવામાં આવેલ છે તે આ કામે ફરિયાદપક્ષને મદદરુપ બનતા નથી અને જે સ્થળે વીજચેકીંગ હાથ ધરવામાં આવેલ તે આરોપીની માલિકી કે કબજા હવાલાનું હોવા અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા આ કામે મેળવવામાં આવેલ નથી. તેઓની વધુમાં રજુઆત છે કે, મુદ્દામાલ

પંચનામુ કરી કબજે લીધેલ નથી અને કહેવાતો મુદ્દામાલ ચાર્જશીટ સાથે અદાલતમાં રજુ કરેલ નથી અને તેઓની રજુઆત છે કે, તપાસ કરનાર અધિકારીની તપાસ ખામીયુકત છે અને આ તમામ સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમતનામા અન્વયેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા તેઓશ્રીએ રજુઆત કરેલ છે.

**(૧૦)** બંને પક્ષ તરફે દલીલ દરમ્યાન મહદઅંશે રેકર્ડ ઉપર આવેલ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખી દલીલ કરેલ હોય તે સંજોગોમાં આ કેસના નિર્ણયના તબકકે રેકર્ડમાં રજૂ થયેલા તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાને વંચાણે અને ધ્યાને લીધેલ છે.

હાલના કામે નીચે મુજબના ચૂકાદા તથા તેના કાયદાકીય હાર્દને પણ નજર સમક્ષ લેવા જરૂરી હોઈ તેને વંચાણે અને ધ્યાને લઈ તેના કાયદાકીય હાર્દને નજર સમક્ષ રાખી હવે પછી આ કેસના ગુણદોષ અંગે વિસ્તૃત ચર્ચા કરી નિર્ણય કરેલ છે.

(૧) સ્ટેટ ઓફ ગુજરાત વિ. સરદારસિંહ બાબસિંહ ચૌહાણ

ક્રિમીનલ અપીલ નં.૨૯૦૯/૨૦૦૯

આ ચૂકાદાના હાર્દ મુજબ,

We have gone through the judgment and order passed by the trial Court. We have also perused the oral as well as documentary evidence led by the trial Court and also considered the submissions made by learned app.from the record, it appears that the inspection in question was done on 25.08.2005 and the complaint in connection with the alleged offense was registered on 31.08.2005. No satisfactory explanation has come on record from the prosecution as regards the said delay of about a week caused in fling the impugned complaint.

Apart from that the prosecution has also not taken any

photographs or videography of the area from where the alleged theft is said to have taken place. The panchnama also does not appear to have been properly done. Thus, from the evidence itself it is established that the prosecution has not proved its case beyond reasonable doubt.

The respondent of the charges leveled against him. We find that the findings recorded by the trial Court are absolutely just and proper and in recording the said findings, no illegality or infirmity has been committed by it. We are, therefore, in complete agreement with the findings, ultimate conclusion and the resultant order of acquittal recorded by the Court below and hence, find no reasons to interfere with the same.

(૨) સ્ટેટ ઓફ ગુજરાત વિ. મંગળભાઈ હિરાભાઈ પટેલ
ક્રિમીનલ અપીલ નં.૨૬૬૬/૨૦૦૮
આ ચૂકાદાના હાર્દ મુજબ,

It appears that the inspection in question was done on 27.02.2006 and the complaint in connection with the alleged offence came to be filed only on 10.04.2006. No satisfactory explanation has come on record from the prosecution as regards the said delay of about 1.1/2 months caused in filing the impugned complaint.

it also appears that no photograph or videography of the are from where the theft is alleged to have taken place has been taken by the prosecution in support of its case. Moreover, the prosecution has also not been able to prove as to from which piece of land or survey no., the alleged theft of electricity is said to have been committed by the respondent. Thus. From the evidence itself it is established that the prosecution has not proved its case beyond reasonable doubt.

(૩) સ્ટેટ ઓફ ગુજરાત વિ. અગરસિંહ વજેસિંહ ચૌહાણ
ક્રિમીનલ અપીલ નં.૨૬૮૨/૨૦૦૩
આ ચૂકાદાના હાર્દ મુજબ,
It becomes quite clear that prosecution has totally failed to establish the real, actual and physical

possession of disputed land with the accused at the time of raid and checking squad carried out raid on the said disputed land and thus, the alleged offence levelled against the accused is not proved beyond reasonable doubt.

(૪) સંતોષ દત્તા ચિતલકર વિ. મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેકટ્રીકસીટી બોર્ડ (બોમ્બે હાઈકોટ) ક્રિમીનલ અપીલ નં.૨૩૯/૨૦૦૭

(૫) રમેશ સ/ઓ બલવંત પાટીલ વિ. મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેકટ્રીકસીટી બોર્ડ (બોમ્બે હાઈકોટ) ક્રિમીનલ અપીલ નં.૨૪૫/૨૦૦૭

સદર બંને ચૂકાદાના હાર્દ મુજબ,

Even the prosecution has not examined independent witness like Gramsevak, to ascertain that the house in which there is alleged illegal electrical supply, belongs to the appellant/accused. As stated hereinbefore, the prosecution has not proved panchnama at Exh.8. Except statement of P.W.1 & P.W.2, nothing has been brought on record by the prosecution.

(૬) આનંદીબેન અમૃતભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૬(૩) ક્રિ.લો.રી.(ગુજ.)૭૬૪.

આ ચૂકાદાના હાર્દ મુજબ,

Complainant was not at the spot at the time of checking - Witness PW-2 admitted that two brothers were residing and electricity wires/cables seized were not sealed- No independent witness examined-Earlier connection was in the name of the appellant and 'S' but disconnected permanently-No evidence collected regarding the ownership of the house-No reliable evidence-Held, Prosecution has failed to prove the offence beyond reasonable doubt.

(૭) યુવરાજ પુંડાલીક ગાઢવે વિ. મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેકટ્રીકસીટી બોર્ડ ૨૦૧૧(૨) સી.એ.સી.સી.૮૫ (બોમ્બે)

આ ચૂકાદાના હાર્દ મુજબ,

Spot panchnama not proved by prosecution through independent witnesses - Direction to pay compensation in absence of any calculation on assessment sheet - Prosecution failed to prove his case-Conviction set aside.

(૮) એમ.મોહન રાવ વિ. ભીમશેટ્ટી શ્રીધર અને અન્યો
૨૦૧૭(૨) એકવીટલ ૨૬૬ (એ.પી.)
આ ચૂકાદાના હાર્દ મુજબ,
When prosecution has failed to prove fact that house where illegal electricity connection was fixed belongs to accused respondent, trial court has not committed any illegality in acquitting accused respondent for offence punishable under Section-135of Electricity Act vide impugned judgment-No case for grant to leave is made out.

**(૧૧)** આ કામે ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક તેમજ લેખિત દસ્તાવેજી પુરાવા તેમજ પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલ ધ્યાને લીધેલ છે. આ કામના આરોપી સામે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ – ૧૩૫ મુજબનો ગુનો કર્યા અંગેનો આક્ષેપ છે તે સંજોગોમાં કલમ–૧૩૫ જોવામાં આવે તો,

**૧૩૫. વિજળી ચોરી**

(૧૩૫–૧) મુજબ જે કોઈપણ અપ્રમાણીકતાથી

(એ) કોઈ માથા ઉપરની, નીચેની અથવા પાણી હેઠળની લાઈનો અથવા કેબલ્સ અથવા સર્વીસ વાયર્સ અથવા સર્વીસ સગવડો લાયસન્સદાર અથવા કીસ્સા પ્રમાણે સપ્લાયરની કોઈ જોડાણ બાબતમાં ટેપ કરે અથવા તે અંગે બનાવે અથવા

(બી) મીટર સાથે ચેડા કરે, ચેડા થયેલ મીટરનો ઉપયોગ કરે અથવા તે નાખે, ટ્રાન્સફોર્મરનો કરંટ ઉઘો કરે, જોડાણના છીદ્રો કરે અથવા કોઈ બીજા સાધન અથવા પધ્ધતિથી યોગ્ય નોંધણી, કેલીબ્રેશન અથવા વિજળી કરંટને મેળવવા અથવા બીજી રીતે જે એવી પધ્ધતિમાં પરીણમે જે ધ્વારા વિજળીની ચોરી કરવામાં આવે અથવા તેનો દુર્વ્યય કરવામાં આવે અથવા

(સી) વિજળી મીટર, સાધનો અથવા વાયરનો નાશ કરે અથવા નુકસાન કરે અથવા તેમાના કોઈ પણને નુંકસાન કે નાશ થવા દેવા મંજુરી આપે જેથી વિજળીના યોગ્ય મીટરમાં દખલગીરી થાય અથવા

(ડી) ચેડા થયેલ મીટર મારફતે વિજળીનો ઉપયોગ કરે અથવા

(ઈ) વિજળી એવા હેતુ માટે ઉપયોગ કરે કે જે માટે આવી રીતે વીજળી અધિકૃત કરવામાં આવી ન હોય.

**(૧૩૫–૧)** મુજબ

(૨) રાજય સરકારે આ અર્થે કીસ્સા મુજબ લાયસન્સદાર અથવા સપ્લાયરના અધિકૃત કરવામાં આવેલા કોઈ અધિકારી

(એ) જેમાં તેને એવુ માનવાને કારણ હોય કે વીજળી, અનઅધિકૃત રીતે વાપરવારમાં આવી છે અથવા આવી રહી છે તેવા કોઈપણ સ્થળ અથવા જગ્યામાં પ્રવેશી શકશે. તપાસી શકશે તોડીને ખોલી શકશે અને ઝડતી લઈ શકશે.

(બી) વિજળીના અનધિકૃત ઉપયોગ માટે વાપરવામાં આવી હોય અથવા વપરાય રહી હોય તેવી તમામ ડીવાઈસીસ, ઓઝારો, વાયર અને બીજી કોઈપણ સગવડો અથવા ચીજવસ્તુ જપ્ત કરી શકશે, કબજે લઈ શકશે.

(સી) હિસાબના ચોપડા અથવા દસ્તાવેજો તપાસી શકશે, અથવા કબજે લઈ શકશે, જે તેના અભિપ્રાય મુજબ, પેટા કલમ (૧) હેઠળના ગુનાના સબંધમાં કોઈ કર્મચારી માટે અથવા તેના સબંધમાં ઉપયોગી થશે અને જેની

કસ્ટડીમાંથી આવા હિસાબના ચોપડા અથવા દસ્તાવેજ કબજે લીધા હોય તેમાંથી વ્યકિતને તેની નકલ કરવા દઈ શકશે અથવા તેની હાજરીમાં તેમાંથી ઉતારો લઈ શકશે.

(૩) જડતીના સ્થળનો ભોગવટેદાર અથવા તેના વતી કોઈપણ વ્યકિત જડતી દરમિયાન હાજર રહેશે અને આવી જડતી દરમિયાન કબજે લીધેલી તમામ વસ્તુઓની યાદી તૈયાર કરવી જોઈશે અને આવા ભોગવટેદાર અથવા આવી વ્યકિતને આપશે તેણે યાદીમાં સહી કરવી જોઈશે.

**(૧૨)** આમ, ઉપરોકત કલમ–૧૩૫ ધ્યાને લેતાં જયારે કોઈપણ જગ્યાએ વીજ ચોરીના ચેકીંગ માટે જવુ હોય તો પહેલાં ગુજરાત સરકારના લાયસન્સદાર અથવા સપ્લાયરને અધિકૃત કરવામાં આવેલ કોઈ અધિકારીએ જવુ પડે. આ કામે વીજ ચેકીંગમાં જનાર કંપનીના અધિકારીઓ પી.જી.વી.સી.એલ. માં ફરજ બજાવે છે પરંતુ તેને રાજય સરકાર કે ઉપરી અધિકારીએ વીજ ચોરીના ચેકીંગમાં જવા માટે અધિકૃત કરેલ હોય તેવો પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી.

**(૧૩)** આ ઉપરાંત કલમ–૧૩૫(૩) ની જોગવાઈ મુજબ જે વાયર આરોપીને ત્યાંથી કબજે કરવામાં આવેલ તેની યાદી તૈયાર કરવી પડે અને તે યાદીની નકલ આરોપીને આપી તેની સહી લેવી જોઈએ. ફરિયાદપક્ષના કેસ પ્રમાણે સ્થળ પરથી વાયર કબજે કરવામાં આવેલ તેવી હકીકત આંક–૪૬ થી રજુ એનેક્ષર–૪ ધ્યાને લેતાં નીકળે છે પરંતુ, તેમાં આ કામના આરોપીની કોઈ સહી નથી. તેમજ આ કામે મુદ્દામાલ વાયર પંચોની રૂબરૂ કબજે લેવાયેલ નથી. તેમજ આવો કોઈ મુદ્દામાલ આ કામે કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ નથી.

(૧૪) આ કામે ફરિયાદપક્ષે ફરિયાદી રમેશ જગદીશભાઈ મકવાણાએ આંક–૨૧ થી તપાસેલ છે અને તેઓની જુબાનીનું સમગ્રતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં ફરિયાદ હકીકત આંક–૨૨ ને સમર્થન આપવા પ્રયત્ન કરેલ છે અને તે મુજબ આરોપીએ અનઅધિકૃત રીતે વિજ ચોરી કરેલ હોવાનું જણાવેલ છે. તેમજ આંક–૨૩ થી પુરવણી બીલની નકલ તથા આંક–૨૪ થી એનેક્ષર–૧૧ રજુ કરેલ છે. પરંતુ સદરહુ ફરિયાદીનો સોગંદ ઉપરનો પુરાવો તથા ઉલટતપાસમાં સ્વીકારેલ હકીકતો ધ્યાને લેતાં બનાવ સ્થળે તેઓ ગયેલ ન હોય, તેમને બનાવની અંગત જાત માહિતી હોવાનું જણાઈ આવતુ નથી. તેમજ સદર કામે ચેકીંગ સ્થળની માલિકી અંગેનો કોઈ આધાર પુરાવો મેળવેલ નથી, તેમજ આ કામે રેઈડ વખતે કોઈ વિડીયોગ્રાફી કરવામાં આવેલ નથી. વધુમાં, ફરિયાદીએ તેમની ફરિયાદ સાથે કોઈ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ નથી. આ ઉપરાંત, આ કામે પુરવણી બીલ તથા પુરવણી બીલની નોટીસ આ કામના આરોપીને મળી ગયેલ હોવા અંગે પણ કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી. તેમજ ચેકીંગ સ્વતંત્ર પંચો તથા સાહેદોની હાજરીમાં કરવામાં આવેલ નથી.

(૧૫) વધુમાં, પ્રોસી. પક્ષ તરફે સાહેદ કમલેશભાઈ ઈશ્વરભાઈને આંક–૨૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાનીનું સમગ્રતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર ત્રણેય સાહેદ ચેકિંગ વખતે હાજર હતા અને તેઓએ તેમની જુબાનીની સરતપાસમાં ચેકિંગ અંગેની કાર્યવાહીને સમર્થનકારક પુરાવો આપવા પ્રયત્ન કરેલ છે. તેમજ સાહેદ પરેશભાઈની જુબાની દરમિયાન ફરિયાદપક્ષ તર્ફે આંક–૨૯ થી ચેકીંગશીટ તથા આંક–૩૧ થી ફોટોગ્રાફ રજુ કરવામાં

આવેલ છે. પરંતુ તેઓએ સ્થળ પર વિજ ચેકિંગની વિડીયોગ્રાફી કરેલ નથી. આ ઉપરાંત, સદર સાહેદોના પુરાવા થકી કે ફરિયાદીના પુરાવા થકી ચોકકસ કયા ઉપરી અધિકારીની સુચનાથી ચેકીંગ કરવા ગયેલા તેવી કોઈ હકીકત તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવતા નથી. તેમજ સ્વતંત્ર સાહેદોની હાજરીમાં ચેકીંગ કે પંચ રોજકામ કરેલ હોવાનું જણાઈ આવતુ નથી કે આજુબાજુમાંથી ત્રાહિત વ્યકિતઓના સ્વતંત્ર સાહેદ તરીકે નિવેદન લીધેલ નથી. આ ઉપરાંત, કબજે કરેલ વાયર પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ નથી. તેમજ સ્થળની માલિકી, કબજા, ભોગવટા બાબતેના કોઈ જ આધાર પુરાવા આ કામે રજૂ કરેલ નથી. તેમજ આ કામે આંક–૩૧ થી ફોટોગ્રાફસ રજુ કરવામાં આવેલ છે તે સાદા કાગળ ઉપર કાઢવામાં આવેલ પ્રિન્ટ છે, તેમજ સદર ફોટોગ્રાફ થકી આ કામના આરોપી ધ્વારા પોતાના ઘરે ડાયરેકટ વીજ જોડાણ કરી વીજ ચોરી કરતા હોવાનું ચોકકસપણે માની શકાય તેમ નથી. આ ઉપરાંત, આ ફોટોગ્રાફ કયા ઉપકરણ ધ્વારા અને કઈ વ્યકિત ધ્વારા લેવામાં આવેલ છે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. તેમજ આ ફોટોગ્રાફસ ઓથેન્ટીક પર્સન ધ્વારા યોગ્ય રીતે લેવામાં આવેલ હોવા અંગે, તેમજ તેમાં કોઈ એડીટીંગ વિગેરે કરવામાં આવેલ ન હોવા અંગે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫(બી) મુજબનું કોઈ સર્ટીફીકેટ આ કામે રજુ કરવામાં આવેલ નથી.

**(૧૬)** વધુમાં, આ કામે પ્રોસી.પક્ષ તરફે આંક–૪૧ થી પી.એસ.ઓ. શૈલેષસિંહ કિર્તિસિંહ ચુડાસમાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાનીનું સમગ્રતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો, તેઓ તા.૩૧/૦૫/૨૦૧૯ ના રોજ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન વરતેજ સબ ડીવીઝનમાંથી ના.ઈ.શ્રીએ લેખિત ફરિયાદ

આપેલી જે ફરિયાદ વંચાણે લઈ ગુનો રજીસ્ટર કરેલ અને આગળની તપાસ શ્રી વી.આર.દવેને સોંપેલી જે તપાસનો હુકમ આંક–૪૩ થી તથા સ્ટેશન ડાયરીની નકલ આંક–૪૨ થી તથા એફ.આઈ.આર.ની કોપી આંક–૪૪ થી રજુ કરેલ છે પરંતુ સદર પી.એસ.ઓ.નો સોગંદ ઉપરનો પુરાવો તથા આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતાં તેઓએ સદર ગુન્હાના કામે તેઓની ફરજના ભાગરુપે ફરિયાદીની ફરિયાદ મુજબ ગુન્હો દાખલ કરી આગળની તપાસ સોંપવા સિવાય કોઈ કાર્યવાહી કરેલ નથી જેથી તેઓને સદર ગુન્હાના કામે કોઈ જાત માહિતી હોવાનું જણાઈ આવતુ નથી.

(૧૭) વધુમાં, આ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૪૫ ત.ક.અ. ઈંન્દ્રસિંહ ભગવતસિંહ વાઘેલાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાનીનું સમગ્રતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૩૦/૦૫/૨૦૧૯ ના રોજ તેઓને સદર ગુનાની તપાસ મળતા આ ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલી અને તપાસના કાગળોથી વાકેફ થઈ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલુ. વધુમાં, સદર ત.ક.અધિકારીએ તેમની જુબાની દરમિયાન આંક–૨૨ વાળી ફરિયાદ, આંક–૨૯, આંક–૩૦ રોજકામ, આંક–૨૩ પુરવણી બીલ, આંક–૨૪ એનેક્ષર–૧૧, આંક–૩૧ વાળા દસ્તાવેજો ઓળખી બતાવેલ છે. તેમજ સદર ત.ક.અધિકારીની જુબાની દરમિયાન ફરિયાદપક્ષ તરફે આંક–૪૬ થી એનેક્ષર–૪ રજુ કરવામાં આવેલ છે. જ્યારે સદર ત.ક.અમલદારની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ હકીકત ધ્યાને લેવામાં આવે ચેકીંગવાળો વિસ્તાર રહેણાંકી વિસ્તાર હોવા છતાં તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના

નિવેદનો લીધેલ નથી, તેમજ ચેકીંગ દરમિયાન કોઈ વિડીયોગ્રાફી કરેલ હોય તેવા કોઈ આધાર પુરાવા તેઓને તપાસના કામે મળેલ નથી, તેમજ તેઓની તપાસ દરમિયાન ચેકીંગ સ્થળની માલિકી કે કબજા અંગેના કોઈ આધાર પુરાવા મેળવેલા નથી. તેમજ તેઓને ફરીયાદ સાથે કહેવાતો કોઈ મુદ્દામાલ મળેલો નહીં.

(૧૮) આમ, આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં નીચે મુજબની હકીકતો ફલિત થાય છે :

(૧) ચેકીંગવાળી જગ્યા આરોપીની માલીકી કે કબજા હવાલાની હોવા બાબતેની કોઈ તપાસ કરેલ નથી કે તે અંગેનો કોઈ પુરાવો મેળવેલ નથી. તેમજ બનાવવાળી જગ્યાએ ફરિયાદી ગયેલ નથી તેથી તેમને બનાવ અંગેની કોઈ અંગત જાણકારી નથી.

(૨) કબજે થયેલ વાયર બાબતે કોઈ સ્વતંત્ર પંચ સાહેદની હાજરીમાં પંચનામું કરવામાં આવેલ નથી, બનાવવાળી જગ્યાએ હાજર રહેલ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી.

(૩) ચેકિંગ સ્કવોર્ડના અધિકારીએ કબજે કરેલ વાયર તપાસ કરનાર અમલદારે કબજે કરેલ નથી કે આ કામે કોઈ સાહેદને કોર્ટ સમક્ષ બતાવવામાં પણ આવેલ નથી.

(૪) આ કામે ચેકીંગવાળી જગ્યાએ ચેકિંગની કોઈ વિડીયોગ્રાફી કરવામાં આવેલ નથી. તેમજ આ કામે આં ક–૩૧ થી ફોટોગ્રાફ રજુ કરવામાં આવેલ છે તે સાદા કાગળ ઉપર કાઢવામાં આવેલ પ્રિન્ટ છે અને તેના થકી આ કામના આરોપી પોતાના ઘરે ડાયરેકટ વીજ જોડાણ કરી વીજ ચોરી

કરતા હોવાનું સ્પષ્ટપણે ફલિત થતુ નથી અને આ ફોટોગ્રાફ કયા ઉપકરણ દ્વારા અને કઈ વ્યકિત દ્વારા લેવામાં આવેલ છે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી અને આ ફોટોગ્રાફસ ઓથેન્ટીક પર્સન દ્વારા યોગ્ય રીતે લેવામાં આવેલ હોવા અંગે, તેમજ તેમાં કોઈ એડીટીંગ વિગેરે કરવામાં આવેલ ન હોવા અંગે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું કોઈ સર્ટીફીકેટ આ કામે રજુ કરવામાં આવેલ નથી.

(૫) ફરિયાદપક્ષે વીજ કંપનીના કર્મચારી/અધિકારી કોની સૂચનાથી ચેકિંગ અર્થે ગયેલા તે સંદર્ભે કોઈ જ આધાર પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

**(૧૯)** આમ, ઉપરોકત ફરિયાદપક્ષના મહત્વના સાહેદોના પુરાવા જોતાં વિવિધ નામ. વડી અદાલતના જજમેન્ટમાં જણાવેલ જુદા જુદા ચૂકાદાઓ મુજબ ફરિયાદપક્ષ આરોપીએ ધી ઈન્ડિયન ઈલેકટ્રીકસીટી એકટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો વિજ ચોરીનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર કરેલ હોવાનું માની શકાય તેમ નથી. આથી ફરિયાદપક્ષ મુદ્દાનં.૧ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દાનં.૧ નો જવાબ "**નકારમાં**" આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ :–</u>**

**(૨૦)** આમ, આ કામે સમગ્રપણે ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં, ફરિયાદપક્ષ આરોપી સામે આંક–૧૭ ના તહોમતનામામાં જણાવ્યા મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આરોપીને ઈન્ડિયન ઈલેકટ્રીકસીટી એકટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના ગુન્હા

માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં. જેથી મુદ્દા નં.૨ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

**–: હુકમ :–**

(૧) આ કામના આરોપી કાવાભાઈ બિજલભાઈ ચોહલા, રહે. કંથારીયા, તા.વલ્લભીપુર, જી.ભાવનગર વાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧)/બી.એન.એસ.એસ.ની કલમ ૨૫૮ અન્વયે ધી ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના ગુન્હામાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આ કામના આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ)/ બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૧ ની જોગવાઈ મુજબ રૂા.૧૦,૦૦૦/– ના જાત મુચરકા તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

આજ તારીખ ૯'મી, માહે–જુન, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર
તા.૦૯/૦૬/૨૦૨૬

**(હેતલ સુરેશચંન્દ્ર દવે)**
સ્પેશ્યલ જજ(ઈલેકટ્રીસીટી) અને
ફોર્થ એડીશ્નલ સેશન્સ જજ, ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik